## વિચારોની ઉપર ચોકી...




We must watch over our thoughts – a bad thought is the most dangerous of Thieves.

With my blessings

17 September 1954 – The Mother

આપણા વિચારોની ઉપર આપણે ચોકી રાખવી જોઈએ - એક ખરાબ વિચાર એ સૌથી ભયંકર ચોર છે.

મારા આશીર્વાદ સાથે

૧૭ સપ્ટેમ્બર ૧૯૫૪ – શ્રી માતાજી

‘શ્રી માતાજીના મંત્રો’

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN’87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2024**
**SEPTEMBER**
૧ સપ્ટેમ્બર, ૨૦૨૪

## – Sincerity ! –
## – સત્યનિષ્ઠા ! –




Only those who are already very sincere know that they are not completely sincere.

With my blessings

17 June 1954 – The Mother

જેઓ ખરેખર ઘણા સત્યનિષ્ઠ છે તેમને જ ખબર છે કે તેઓ પૂરેપૂરા સત્યનિષ્ઠ નથી.

મારા આશીર્વાદ સાથે

૧૭ જૂન ૧૯૫૪ – શ્રી માતાજી

‘શ્રી માતાજીના મંત્રો’

## Talks on Sadhana…

**Disciple** : What are the conditions of success in this yoga?

**Sri Aurobindo** : I have often told of them. Those go through who have the central sincerity. It does not mean the sincerity is there in all the parts of being. In that sense no one is entirely ready. But if the central sincerity is there it is possible to establish it in all the parts of the being.

The second thing necessary is certain receptivity in the being, what we call the "opening" up of all the planes to the Higher Power.

The third thing required is the power of holding The higher Force, a certain *ghanatwa* – mass – that can hold the Power when it comes down.

*   *   *

**Disciple** : You said yesterday that realisation of God is not sufficient to change human nature.

**Sri Aurobindo** : … when I said that mere realisation of God is not sufficient I meant that such a realisation is not sufficient to bring about a permanent change of consciousness. It needs the working of the dynamic Power of God to change human nature.

… All âdhârs–nature-formations–have not the capacity to hold the Divine consciousness and they don't make any effort to increase the capacity of the natural instrument. Once you come down from the Divine Consciousness you are again like an ordinary man.

From: Evening Talks with Sri Aurobindo: Ed.1982
Recorded By A.B. Purani P. 346, 349-250

## સાધના વિષે વાર્તાલાપો…

**શિષ્ય** : યોગમાં સફળતા પ્રાપ્ત કરવાની શરતો કઈ કઈ છે ?

**શ્રી અરવિન્દ** : મેં તમને તે ઘણીવાર વર્ણવી બતાવી છે. જેમનામાં કેન્દ્રસ્થ દિલની સચ્ચાઈ હોય છે તે પાર પામે છે. તેનો અર્થ એવો નથી કે તેમના બધા ભાગોમાં દિલની સચ્ચાઈ હોય છે. તે અર્થમાં તો કોઈનામાંય સંપૂર્ણ દિલની સચ્ચાઈ જોવા મળતી નથી. પણ જો કેન્દ્રસ્થ દિલની સચ્ચાઈ હોય તો અસ્તિત્વના બધા ભાગોમાં તેને સ્થાપિત કરવાની શક્યતા છે.

બીજી જરૂરી વસ્તુ છે અસ્તિત્વમાં અમુક ગ્રહણશીલતા, જેને અમે "ઉચ્ચતર શક્તિ પ્રત્યે બધી ભૂમિકાઓ ઉપરનું ખુલ્લાપણું" કહીએ છીએ.

ત્રીજી જરૂરી વસ્તુ છે ઉચ્ચતર શક્તિને ધારણ કરવાનું સામર્થ્ય, એક પ્રકારનું ઘનત્વ કે જે શક્તિ અવતીર્ણ થાય ત્યારે તેને ધારણ કરી શકે છે.

*   *   *

**શિષ્ય** : ગઈ કાલે તમે કહ્યું હતું કે માનવપ્રકૃતિનું રૂપાંતર કરવા માટે ભગવાનનો સાક્ષાત્કાર પૂરતો નથી

**શ્રી અરવિન્દ** : … જયારે મેં એમ કહ્યું હતું કે "ભગવાનનો સાક્ષાત્કાર માત્ર જ પૂરતો નથી" ત્યારે હું એમ કહેવા માગતો હતો કે ચેતનામાં સ્થાયી પરિવર્તન લાવવા માટે તે સાક્ષાત્કાર પર્યાપ્ત નીવડતો નથી. માનવપ્રકૃતિનું રૂપાંતર કરવા માટે ભગવાનની ક્રિયાશીલ શક્તિનું કાર્ય જરૂરી છે.

… બધા આધારો દિવ્ય ચેતનાને ધારણ કરવા સમર્થ હોતા નથી, અને તેઓ પ્રાકૃતિક કરણની શક્તિમાં વૃદ્ધિ કરવા કોઈ પ્રયત્ન કરતા હોતા નથી. તમે દિવ્ય ચેતનામાંથી બહાર આવો, એટલે વળી પાછા એક સામાન્ય માનવી જેવા બની જાઓ છો.

From: "સાંજના વાર્તાલાપો" ભા-૨-૩, પૃ. ૮૮, ૯૧-૯૨